

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દુષ્કર્મી-દુષ્કૃત્યોની સંખ્યામાં, વિકાસ તો કર્યો !*
*દારૂ-દરોડા-હેરાફેરીમાં વિકાસ તો કર્યો !*
*વિકાસ કર્યો દેવાનાં ડુંગર નીચે દબાઈને -*
*'પરીક્ષા રદ્દ' પ્રવૃત્તિમાં પણ વિકાસ તો કર્યો*

### હાઈકુ

*હોલવી નાખે -*
*ઉકળાટનો અગ્નિ,*
*'વગ'નું પાણી...*
*(નિત્યાનંદ આશ્રમ કાંડ)*

*થયું પસાર*
*વિધાન સોય નાકે*
*શિક્ષણ ઊંટ...*

### ચિંતન

*નિઃસ્પૃહં માનસં યસ્ય નૈરાશ્યે અપિ મહાત્મનઃ ।*
*તસ્ય આત્મજ્ઞાન તૃપ્તસ્ય તુલના કેન જાયતે ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

નિરાશામાં પણ જે મનથી નિસ્પૃહ છે, તે આત્મજ્ઞાનથી તૃપ્ત એવા મહાત્માની તુલના કોની સાથે કરવી?

અહીં મોક્ષના ભયની, મૃત્યુના ભયની વાત કરી, તેથી જો તેના અનુસંદાને સમજીએ તો અહીં અષ્ટ્રાવક્રનો ઈશારો જેના મનમાં મોક્ષની પણ સ્પૃહા નથી એ તરફ લાગે છે.

ભગવાન બુદ્ધ કહે છે તેમ ઈચ્છા એ આખરે ઈચ્છા જ છે, પછી ભલે તે મોક્ષની હોય કે સ્વર્ગની હોય! બુદ્ધ હોય કે અષ્ટ્રાવક્ર તદ્દન ઈચ્છા-મુક્ત મનની વાત કરે છે. નરસિંહ મહેતા કહે છે તેમ સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી! જ્યાં સુધી કંઈ પણ ઈચ્છા છે, ત્યાં સુધી બંધન પણ છે જ.

ઈચ્છામાત્ર અવિદ્યા છે, એનો નાશ એ જ મોક્ષ !!

### સુવિચાર

- કિતને હી અચ્છે હોં કાગઝ પાની કે રિશ્તે, કાગઝ કી નાવોં સે દરિયા પાર નહીં હોતા - **અશોક રાવત**
- શ્રદ્ધા સાચી હોય તો, કબૂલ કરે કિરતાર, ભાવ વગરની સેવા, પહોંચે શું પ્રભુ દ્વાર - **ધર્મશ્લોક**
- અણધારી મોજ સંતોષની લગાતાર જોઈ છે, અપેક્ષાઓની તો ઠેકઠેકામે મેં કતાર જોઈ છે - **અનંતનાદ**
- આખી જિંદગી અત્તર છાંટીને મરી ગયા... તો પણ રાખમાંથી સુગંધ ન આવી - **ઓશો**
- એના નામે હજાર માર્ગો છે, પણ કોઈ પહોંચ્યું ના 'મહાત્મા' લગ - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ પણ બાબતનું એટલું બધું એનાલીસીસ ના કરવું કે મગજનું પેરાલીસીસ થઈ જાય, ઈશ્વરે જિંદગી 'માણવા' માટે આપી છે, 'આણવા' માટે નહીં - **સંત રોબિન**
- આજનું ઔષધ : પેશાબ અટકી ને આવતો હોય તો એલચીનું ચૂર્ણ મધમાં ચાટવાથી પેશાબ છૂટથી થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શિષ્યે ગુરુને પૂછ્યું, 'ધન, કુટુંબ અને ધર્મમાં કોણ સાચો સહાયક છે ? ગુરુએ એક કથા દ્વારા શિષ્યને સમજાવવા કહ્યું : 'એક માણસ હતો, તેને ત્રણ મિત્રો હતા એક બહુ વ્હાલો, બીજો થોડોક વ્હાલો, અને ત્રીજા સાથે માત્ર પરિચય જ હતો. એક વખતે તે કંઈક મુસિબતમાં હતો. તેણે વિચાર્યું. આજે મિત્રોની પરીક્ષા કરી લઉં. તે સૌથી પહેલા અતિ પ્રિય મિત્ર પાસે ગયો. અને સહાયતા માંગી. રાજાને મળવા સાથે આવવા કહ્યું પરંતુ અતિ પ્રિય મિત્રએ સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. હવે પેલો માણસ થોડોક વ્હાલો મિત્ર પાસે મદદ માંગવા ગયો. એને મુસિબત વર્ણવી. બીજા મિત્રએ કહ્યું, આમ તો તારી સાથે જ છું, પણ રાજ દરબારમાં જવાનો ખતરો ટાળવા સાથે આવવાનો ઈન્કાર કર્યો. હવે પેલો ત્રીજા મિત્ર પાસે મદદે ગયો.' ગુરુએ કહ્યું, 'આમ, ધન એ છે કે જેને પરમપ્રિય માનવામાં આવે છે, પરંતુ તે આપણા મરતા સમયે એક ડગલું પણ આગળ વધતું નથી. કુટુંબ એ છે, જે ઓછા પ્રિય મિત્ર જેવું છે, જે યથાસંભવ સહાયતા તો કરે છે પણ તેનો સહયોગ પણ શરીર માટે જ કામ લાગે છે.' ધર્મ એ છે જે જેની સાથે ઓછો પરિચય હોવા છતાં પણ તે આ લોક તથા પરલોકમાં સાથ સહકાર આપે છે. દુર્ગતિથી બચાવે છે ચિરસ્થાયી સુખ-શાંતિ પ્રદાન કરે છે. જો કે તેની ઉપેક્ષા કરવામાં આવે છે, પરંતુ સાચો મિત્ર એ જ છે.

# રાહુલના પુનરાગમનના સંકેત

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસ પાસે નહેરુ-ગાંધી પરિવાર બહાર કોઈ સક્ષમ નેતા જ નથી રહ્યો એની પ્રતીતિ કરાવતા પ્રસંગો બનતા જ રહે છે. એક સમય હતો જયારે દરેક રાજયમાં વડાપ્રધાન કક્ષાના અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ બની શકે એવા એકથી વધારે નેતાઓ હતા. પંડિત જવાહરલાલ નહેરુના શાસનકાળ દરમિયાન ગુજરાતે જ સરદાર પટેલ, કનૈયાલાલ મુનશી અને ઉછ્રંગરાય ઢેબર જેવા મોટા નેતાઓ દેશના ચરણે ધર્યા હતા. મોરારજી દેસાઈ 'નહેરુ પછી કોણ?' જેવા સતત પૂછાતા પ્રશ્નના જવાબ સ્વરુપે જીભવગું નામ હતું અને ગુલઝારીલાલ નંદા ગુજરાતી નહીં હોવા છતાં ગુજરાતમાંથી ચૂંટાયા હતા. નહેરુ અને શાસ્ત્રીના અવસાન પછી નંદાજીએ બે વાર કાર્યકારી વડાપ્રધાનનો હોદ્દો સંભાળ્યો હતો. એ જ કોંગ્રેસ ઈંદિરા ગાંધીએ સક્ષમ અને સમોવડિયા તથા મૂઠી ઊંચેરા સમકાલીન કોંગ્રેસી નેતાઓને 'કટ ટુ સાઈઝ' કરી દઈ જે નવી અને આગવી શાસન પ્રણાલી સ્થાપી તેનું જ કાળક્રમે નરેન્દ્ર મોદી અનુકરણ અને અનુસરણ કરી રહ્યા છે. આજે કોંગ્રેસ પાસે મોદીની સાથે ઊભો રહી શકે એવો એક પણ નેતા નથી. શરદ પવાર સમયસર કોંગ્રેસને રામ રામ કરી મહારાષ્ટ્રના એમના રજવાડાંમાં સમેટાઈ ગયા છે. પ્રણવ મુખર્જીને કોંગ્રેસના મોવડીમંડળે જ રાષ્ટ્રપતિ બનાવી દઈ રિંગ બહાર ધકેલી મેલ્યા હતા. રાહુલ ગાંધી સાવ જ કાચા પડતા હતા છતાં ખુદ ડૉ. મનમોહનસિંહ જેવા પૂર્વ વડાપ્રધાન એમને જ પાર્ટીના સુકાની અને ભાવિ વડાપ્રધાન તરીકે પ્રસ્તુત કરતા હોય ત્યારે એટલું જ કહેવું પડે કે મે ગોડ સેવ કોંગ્રેસ ! ભગવાન જ કોંગ્રેસને બચાવી શકે, નહીંતર મોદી અને શાહની જોડીએ તો ભારતને કોંગ્રેસ મુક્ત કરવાની પ્રતિજ્ઞા લીધી છે. રાહુલ ગાંધી ઈમાનદાર હોઈ શકે છે, પરંતુ એમની પાસે વાચન કે વિઝનની અપેક્ષા વધુ પડતી જ ગણાશે. એમને કોર કમિટીના માર્ગદર્શન મુજબ જ પાર્ટી ચલાવવી પડે અને ભૂલથીય દેશનું સુકાન એમના હાથમાં આવી જાય તો કોઈ એકસપર્ટ એડવાઈઝર ટોળકી જ નેપથ્યમાં રાખવી પડે. સોનિયા ગાંધીનો પુત્રપ્રેમ 'મોહ' કક્ષાનો છે - એથી જયારે ગત લોકસભામાં કોંગ્રેસના થયેલ ધબકડાની જવાબદારી લઈ રાહુલ ગાંધી પાણીમાં બેસી ગયા - તમામ પ્રકારની કાકલૂદી છતાં એક ના બે ન થયા ત્યારે માતાને શૂર ચડ્યું અને પુત્રને સોંપેલી જવાબદારી ફરી પાછી પોતે સંભાળી. હવે સમય ઘણો વીતી ચૂક્યો છે, કોઈ પ્રાદેશિક કે રાષ્ટ્રીય નેતા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચાલી શકે એમ જ નથી - એવી ધાક ઊભી કરવામાં હાઈકમાન્ડને સફળતા પર સાંપડી છે. આજે દેશમાં મોદીશાસન સામે અનેક પ્રશ્નાર્થો ઊભા થયા છે. મંદી એ સૌથી મોટી સમસ્યા છે, જે પાર કરવામાં મોદી શાસન નિષ્ફળ જઈ રહ્યું છે ત્યારે મોટી રેલી કરીને 'મોદી હૈ તો મંદી હૈ' સૂત્ર સાથે કોંગ્રેસ એની પગ તળેથી સરી ગયેલી જમીન પુનઃ અંકે કરવા કૃતસંકલ્પ બની છે. જમ્મુ-કાશ્મીર કે અયોધ્યાના રામમંદિર ઉપરાંત તાજેતરમાં પસાર થયા પછી કાનૂન બની ગયેલ નાગરિકતા સુધારણા ખરડા માટે ભાજપ પાસે 'મોદી હૈ તો મુમકીન હૈ' સૂત્ર હતું. મોદી જ આવા ખતરનાક ખેલ પાડી શકે, આવા આકરા નિર્ણયો લઈ શકે - એની પ્રતીતિ તો દેશની પ્રજાને પણ થતી રહી છે. પરંતુ આર્થિક ક્ષેત્રે મોદી પાસે કોઈ જાદુઈ ચિરાગ નથી, તે પણ દેખાઈ રહ્યું છે. આ ઉપરાંત નાગરિકતા બિલના વિરોધમાં સળગી ઊઠેલ ઉત્તરપૂર્વનાં રાજયો, પાડોશી દેશોના નેતાઓની નારાજગી, એમના બંધ રહેલ કે રદ કરાયેલ પ્રવાસો - એ બધી બાબતોનો લાભ લઈ કોંગ્રેસ એના ઢીલા પડી ગયેલા પૂર્વ અધ્યક્ષને પુનઃ પ્રસ્થાપિત કરી દેવાની ફિરાકમાં લાગે છે. લાખ રૂપિયાનો સવાલ એ જ રહે છે કે શું રાહુલ ગાંધીના અધ્યક્ષપદે પુનરાગમનથી કોંગ્રેસની મૃતપ્રાય કાયામાં ચૈતન્ય પ્રગટશે ?

# બાળક ને બાળક તરીકે જ રહેવા દો



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા


દિલ પર હાથ મૂકીને બે પ્રશ્નોના જવા આપો. તમને કઈ અવસ્તા ગમે બાળપણ, યુવાની કે ઘડપણ ? તમને કયા વ્યક્તિને જોવાનું વધુ પસંદ પડે બાળક, યુવાન કે વૃદ્ધ? તમારામાંથી મોટા ભાગના લોકોનો જવાબ હશે બાળપણ અને બાળક. જો આ જવાબ હોય તો તેમાંથી બીજા પ્રશ્ન પણ ઉદ્ભવે છે કે શું આપણે સૌ બાળક તરીકે વર્તવાની પૂરી સ્વતંત્રતા આપી એ છીએ?

તમે જયારે કંટાળ્યા હોય અને હળવા થવું હોય તો એક ટેવ પાડવા જેવી છે અને તે છે રમતાં બાળકને નિહાળવાની. રમતાં બાળકને ખબર ન પડે તેમ તેને ધ્યાનથી જુઓ, તેમાંથી તમને એટલો તો આનંદ મળશે કે તમે બીજી જ દુનિયામાં હોવાનો અનુભવ કરશો. તમે એકલા પણ હસવાનું કરશો. તમે એકલા એકલા પણ હસવાનું ચાલુ કરીને બાળક જેવા બની જશો. તમારી પાસે જો દિલ હશે તો અંદરથી આછી ધ્રુજારીનો અહલાદ્ક અનુભવ પણ તમને થશે. બાળકોની દુનિયાએ આપણી દુનિયા કરતાં અલગ હોય છે. તેમની દુનિયામાં થોડી ક્ષણો માટેનો પ્રવેસપણ તમને આનંદકારી લાગશે. આ બાબત કહેવા કે વાંચવા માટેની નથી અનુભવવા માટેની છે. ઘરના ઓટલા પર બેસીને આંગણામાં કે રસ્તા પર રમતા બે-ચાર બાળકને જુઓ. તેમના બધા જ શબ્દો ધ્યાનથી સાંભળજો જે આનંદ સાથે જે આનંદ સાથે શિક્ષણ પણ આપશે. આપણે બધાએ આ ઉંમરે પણ બાળકો પાસેથી ઘણું ઘણું શીખવાનું છે. પોતાની અલગ મસ્ત દુનિયામાં કિલકિલાટ કરતાં આ બાળકોના સ્વાર્થી જોજનો દૂર કરવાના છે, રમત રમતમાં ઝઘડતા આ બાળકો બે કલાક પછી આનંદ સાથે હળીમળીને રમતા જોવા મળશે. આમ બાઝતા - બોલતા પણ બાળકો રહે છે. રમે છે સાથે. શું આ બાબત તેમનામાંથી શીખવી જોવું નથી લાગતી ? માટે જ રમતાં બાળકને રોકવો તે પાપ ગણીને પાપના નિમિત્ત કે ભાગીદાર ન બનો. આ ઉંમરો તમે રમી શકતા નથી, મોટેથી બૂમ પાડી શકતા નથી, રસ્તા પર ખુલ્લા હાથે દોડી શકતા નથી. પણ જે કરી શકે છે તેને તો કરવા દો. તમારું બાળપણ તો ગયુ પણ જેની પાસે છે તેનું શા માટે છીનવી લેવું ? એક બીજા વિચાર પણ આવે છે કે સોસાયટી કે મહોલ્લાના ચાલીસ વર્ષથી વધારે ઉંમરના લોકો એ પણ દરરોજ નહીં તો મહીને એક વાર સાત તાલી, ગીલી દંડ, આઈસ-પાઈસ, થપ્પો રમવાનો આનંદ લેવો જોઈએ. જેને કારણે આનંદ સાથે એકતા, સંપ-સહકારની ભાવનામાં પણ વધારો થશે. મહીનાનો થાક એક જ દિવસમાં ઉતરી જશે. એ આજના સમયની તાતી માંગ છે.

મોટાભાગના વાલી બાળક પાસે મોટેરા જેવા વર્તનની અપેક્ષા રાખે છે. આમ ન કર પેલું ન કર. દિવસ દરમિયાન તમે બાળક સાથે કરેલા વર્તનની નોંધ કરજો. બાળકને તમે કેટલીવાર કોઈ બાબત નહીં કરવા માટેની સૂચના આપી છે તે ગણજો. સાથે તે પણ ગણતરી કરજો કે એવી કેટલી બાબત છે કે કરવા માટે કહ્યું છે નહીં કરવા માટેની બાબતોની ગણતરી વધી જશે. આમ આપણે બદાં શું નહીં કરવું જોઈએ, પણ શું કરવું તે કહેતા નથી અને હા... આપણે કહીએ ત્યારની આપણી ભાષા, ઉત્તેજનાનો વણ વિચાર કરજો બાળક ઉઠે ત્યારથી તે સૂવે ત્યાં સુધી આપણે તેના પર કેટલા દબાણ લાવીએ છીએ. દૂધ પીવું કે બોર્નવિટા, શું નાસ્તો કરવો. વાંચવા કયારે બેસવું, શું વાંચવું, કેટલું વાંચવું કયારે સૂઈ જવું, કયાં રૂમમાં સુઈ જવું, શું ખાવું કયો નાસ્તો લઈ જવું. શું રમવું, કયા રમવા જવું, કયારે દોડવું જોઈએ. કયારે કુદવું જોઈએ, પછી જવાય, વાગશે વગેરે વગેરે.... જેને કરવાનું છે તેની પસંદગીનો આપણે વિચાર કરીએ છીએ ખરાં કે પચી બસ આપણી જ પસંદગી અને નાપસંદગી પ્રમાણે આપણે વર્તન કરવા પ્રેરીએ છીએ.

પાંચ મિનિટ ફાળવીને તમારા બાળપણને યાદ કરો. તમે શું કરતા હતા. તમારા વાલીની કઈ બાબતો તમને તે સમયે ગમતી ન હતી. શું એવી બાબતો આજે તમે તમારા બાળક સાથે તો નથી કરી રહ્યા ને? તમારે તમારી દુનિયામાં તમારી પસંદગી પ્રમાણે જીવવાનો અધિકાર છે. તમારા બાળક કેમ નહીં? તમારું બાળક તમને કહે કે, તમારે તમારા મિત્રો સાથે ફરવા જવાનું નહીં, ઓફિસમાં સમયસર પહોંચવાનું અને સમય થયે જ નીકળવાનું, મમ્મી, પપ્પા સાથે મોટેથી બોલવાનું નહીં. કોઈના ફોન આવે ત્યારે પપ્પા નથી એવો જવાબ અમારાથી અપાવો નહીં. ખોટા બહાના કાઢવા નહીં, વ્યસન કરવું નહીં, આ દાકતરની સૂચનાઓનું પાલન કરો. જો તમારું બાળક ઉપરની તમામ વાતો તમને કહે તો મતે શું કહેશો? આપણે જ ઘણીવાર આપણા બાળકને કહીએ છે કે હજુ તું નાનો છે. તને ખબર ના પડે અને ઘણીવાર એવું પણ બોલીએ કે આટલો મોટો થયો તોય ખબર નથી પડતી. આપણે આપણા બે સ્વરુપ વ્યક્ત કરીએ છીએ. અરે ભાઈ, હજુ તો તે બાળક છે. તેને અત્યાચારથી જ શા માટે મોટો બનાવવાનો પ્રયત્ન કરીએ તેના બાળપણને કેદમાં પૂરીએ છીએ. બાળકને બાળક તરીકે રહેવા દેવામાં, તેને બાળક તરીકે જ જોવામાં જેટલી ભલાઈ બાળકની છે, તેટલી જ ભલાઈ આવતી કાલના સમાજની છે. મહેરબાની કરીને તેને નાનપણમાં જ મોટો ન બનાવશો.

# સના મરીન : દુનિયાની સૌથી યુવા વડાપ્રધાન



માનવીય જીવન અનેક સંભાવનાઓથી ભરેલું છે. આપણા જીવનને આપણે કંઈ દિશામાં લઈ જવું એ આપણા હાથમાં જ છે. સૃષ્ટિ ઉપરની તમામ જીવસૃષ્ટિમાં ઈશ્વરે માત્ર આપણને જ આપણી નિયત્તિ લખવાની શક્તિ આપી છે. પરંતુ આપણે નિયત્તિ ઉપર આધાર રાખીને ભાગ્યાધિન રહીએ છીએ. આપણે કર્મ કરતા ભાગ્યમાં વધુ માનીને, જે છે તેને સ્વીકારીને બેસી રહીએ છીએ. જ્યારે દુનિયાના સાવ નાના માત્ર ૫૩ લાખની વસ્તી ધરાવતા દેશ ફિનલેન્ડમાં પોતાના કામ, નિષ્ઠા અને મક્કમ ઈરાદાથી ૩૪ વર્ષની એક યુવાન છોકરી '' સના મરીન '' દુનિયાની સૌથી નાની વયની યુવાન વડાપ્રધાન આ સપ્તાહમાં બની ગઈ છે.

ફિનલેન્ડ નામનો દેશ આજે દુનિયાના સૌથી વધુ વિકસિત દેશોની યાદીમાં છે. કેમ કે અહીંના નાગરિકને પોતાની કે પરિવારની આર્થિક સુરક્ષાની કોઈ ચિંતા નથી. કેમ કે અહીં સરકાર તરફથી તમામ પ્રજાને તમામ પ્રકારની આર્થિક સુરક્ષા અને અધિકારો આપવામાં આવે છે. અહીંની પોલીસ અને ઈન્ટરનેટ દુનિયાના સૌથી વધુ સુરક્ષિત માનવામાં આવે છે તેથી આ દેશમાં ક્રાઈમ રેટ એકદમ નીચે નહી બરાબર છે. આ દેશમાં બધાને વિશાળ ઘર છે. ખૂલ્લી જગ્યા છે, મોકળાશ છે. અહીંની મોસમ એકદમ જુદી છે. પરંતુ ઉનાળાના દિવસોમાં રાતના બાર વાગ્યા સુધી ઘણીવાર પ્રકાશ પથરાયેલો જોવા મળે છે. જ્યારે ઠંડીના દિવસોમાં ખરા બપોરે અંધારા જેવો માહોલ હોય છે. સૂરજ તો ક્યારેક જ જોવા મળે છે. અહીં ભ્રષ્ટાચાર ખુબ જ ઓછો છે. અહીંનું પ્રશાસન દુનિયામાં સૌથી ઉત્તમ માનવામાં આવે છે. અહીંની અર્થવ્યવસ્થા એકદમ મજબૂત છે. અહીં કોઈ બેઘર નથી. કોઈ ગરીબ કે ભિખારી નથી. તેથી ચોરી કે લૂંટના બનાવો અત્યંત ઓછા બને છે. આ દેશમાં લોકો મૂક્ત રીતે રહી શકે છે. અભિવ્યક્તિની સંપૂર્ણ આઝાદી છે. અને સાથોસાથ માનવાધિકારોની પણ સંભાળ લેવામાં આવે છે. અહીંની સિસ્ટમ અને શિક્ષણને કારણે અહીં ઉત્તમ પ્રતિભાઓનું સર્જન થાય છે. તેથી આ દેશની સમૃદ્ધિ આજે શ્રેષ્ઠ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈજેશનના રિપોર્ટ પ્રમાણે અહીંની હવા અને પાણી એકદમ શુદ્ધ છે. અહીં ૧,૮૭,૮૮૮ પાણીના નાના મોટા સરોવરો છે. જેથી આ દેશને સરોવરોનો દેશ પણ કહેવામાં આવે છે. શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણની બાબતમાં દુનિયામાં ત્રીજા નંબરે છે. અહીંના લોકો લાયબ્રેરીનો ખુબ જ ઉપયોગ કરે છે. પુસ્તકો વાંચીને પોતાનું જ્ઞાન વધારે છે. બિઝનેશની દૃષ્ટિએ પણ આ દેશ એકદમ સ્વચ્છ અને પ્રામાણિક છે. અહીં દરેક ઉધોગપતિ, વેપારી કે બિઝનેશ મેન પ્રામાણિકતાથી સરકારને ટેક્ષ ભરી દે છે.

ફિનલેન્ડ અનેક વિશેષતા ધરાવતો દેશ છે. પહેલા અહીં રાજાશાહી હતી પરંતુ ૧૯મી સદીમાં રશિયાએ એના ઉપર પોતાનો કબજો જમાવી લીધો હતો આમ છતાંય ફિનલેન્ડના લોકોએ ૧૯૧૭માં જ રશિયાથી આઝાદી લઈ લીધી હતી. પરંતુ અહીં સ્વીડીશ સંસ્કૃતિની ઊંડી અસર જોવા મળે છે. આ દેશની પ્રમુખ ત્રણ ભાષાઓ ફિનિશ, સ્વીડિશ અને સામીમાં પણ સ્વીડિશ ભાષા છે. કેમ કે આ દેશ ક્યારેક સ્વીડનનો જ એક ભાગ હતો. બીજા વિશ્વયુદ્ધ પહેલા આ દેશ કૃષિપ્રધાન દેશ હતો પરંતુ ૧૯૫૦ બાદ વિકાસને ગતિ મળી. મોટા ઉધોગો સ્થપાયા. ઔધોગિક ક્રાંતિ થઈ. દુનિયાનું સૌથી મોટું ઈકોનોમી સેન્ટર બની ગયું. પુરી દુનિયામાં મોબાઈલના આરંભના સમયે ધૂમ મચાવનાર મોબાઈલ કંપની આ ''ફિનલેન્ડ'' દેશની જ છે. જેમા મોબાઈલ દુનિયાભરમાં લોકપ્રિય બન્યા હતા.

ફિનલેન્ડની એક ખાસિયત એ પણ છે કે અહીં જન્મદર ખુબ ઓછો છે અને મૃત્યુદર ખુબ જ વધુ. અહીં લોકો આત્મહત્યાઓ ખુબ કરે છે. આટલી સમૃદ્ધિ અને સ્વતંત્રતા હોવા છતાય લોકોના મનમાં કંઈક ખૂટે છે, કંઈક ખાલિપો છે. અને પરિણામે અહીના લોકો શરાબ પણ ખુબ પીએ છે. અહીં વસ્તી ઓછી હોવાને કારણે સરકાર તરફથી બાળકોના જન્મ વખતે પરિવારને પ્લોટ કે રોકડ રકમ આપવાની યોજનાઓ પણ અમલમાં છે. કેમ કે આ દેશમાં આજે અસંખ્ય કસ્બાઓમાં આબાદી ઘટી રહી છે. અહીં ઓછીવસ્તી એ મોટી સમસ્યા છે. પશ્ચિમી ફિનલેન્ડના વિસ્તારોના ગામડાઓ હાલ ખાલી થઈ રહ્યા છે તેથી ત્યાંના મીડિયાના કહેવા અનુસાર આ વિસ્તારમાં કોઈ દંપતિને બાળક જન્મે તો એને દસ હજાર યૂરો ( લગભગ સાડા સાત લાખ રૂપિયા ) આપવામાં આવે છે. કેટલાક નાના ગામોમાં માત્ર એક યૂરો ( રૂ/- ૭૮ ) માં પ્લોટ આપવાની યોજનાઓ છે હેલસિંકી શહેર આ દેશની રાજધાની છે. જેને બ્લ્યૂ સીટી પણ કહેવામાં આવે છે.



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

આવા અદભુત દેશની એક યુવાન છોકરી સના મરીન વડાપ્રધાન બને એ આખા વિશ્વની મહિલાઓ માટે પ્રેરણાદાયક ઘટના છે. સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીની સદસ્ય અને વર્તમાન સમયમાં પરિવાહન મંત્રી સના મરીન ટૈમ્પરે યુનિવર્સિટીમાંથી પ્રશાસનિક વિજ્ઞાનમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. તેમની જ પાર્ટીના એંટી રિને એક દેશવ્યાપી પોસ્ટ હડતાલને ઉકેલવામાં નિષ્ફળ ગયા હોવાથી રાજીનામુ આપી દીધુ હતું પરિણામે તેમની પાર્ટીએ યુવા સના મરીનને વડાપ્રધાન માટે પસંદ કરી હતી. ૨૭ વર્ષની ઉંમરે તેને ટૈમ્પરે નગર પરિષદની પ્રમુખ તરીકે ચૂંટવામાં આવી હતી. અને સાત વર્ષના ગાળામાં જ વડાપ્રધાન પદ સુધી પહોંચી ગઈ હતી. દુનિયામાં યુવાન વડાપ્રધાનમાં બીજા નંબરે યુક્રેનના વડાપ્રધાન ઓલેક્સી હોન્ચેરુક છે. તથા ઉત્તર કોરિયાના વડાપ્રધાન કિમ જોંગ ઉન પણ ૩૫ વર્ષના જ છે.

સના મરીનનો જન્મ ૧૬, નવેમ્બર, ૧૯૮૫ના રોજ ફિનલેન્ડમાં થયો હતો. તેણીએ વર્ષ ૨૦૧૨માં રાજનીતિમાં પ્રવેશ કર્યો અને ૨૦૧૩થી ૨૦૧૭ સુધી નગર પરિષદના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો. દરમિયાન ૨૦૧૫માં પ્રથમવાર જ સંસદ સભ્ય બની. અને જૂન ૨૦૧૯માં સરકારમાં મંત્રી તરીકે શામિલ થઈ. અને પરિવાહન અને સંચાર મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો. પરંતુ કહે છે ને કે કર્મની ગતિ ન્યારી હોય છે આપણા કર્મ આપણને એની નિશ્ચિત કરેલી મંઝિલ સુધી લઈ જ જાય છે. ફિનલેન્ડમાં વર્તમાન સરકાર દ્વારા સાત સો પોસ્ટ કર્મચારીઓના પગારમાંથી ભથ્થું આપવાને બદલે કાપવામાં આવ્યું હતું. જેને કારણે આખા દેશમાં સરકારનો વિરોધ થઈ રહ્યો હતો અને હજારો કર્મચારીઓ હડતાલ પર ઉતર્યા હતા. એક મહિનાથી ચાલતી આ સમસ્યાનો ઉકેલ વર્તમાન વડાપ્રધાન ના લાવી શકતા તેમણે રાજીનામુ આપી દીધું હતું. અને તેમની જ પાર્ટીએ યુવા સાંસદ સના મરીનને આ પદ માટે પસંદ કરીને તેમનું નામ જાહેર કરી દીધું. અને સના દુનિયાની સૌથી યુવાન વડાપ્રધાન બની ગઈ.

કહેવાય છે કે સના એકદમ સકારાત્મક સોચ ધરાવે છે. તે પોતાના દેશને દુનિયાનો સૌથી વિકસિત દેશ બનાવવા માગે છે. ત્યાંની પ્રજાને સનામાં વિશ્વાસ છે કે તે પોતાની સમસ્યાનો ઉકેલ લાવશે. સના કહે છે કે પોતે ક્યારેય પોતાની જાતિ, લિંગ કે ઉંમર વિશે નથી વિચાર્યું, બસ, ખાસ કારણોસર પોતે રાજનીતિમાં આવી છે. સમાજ અને દેશને એક નવી ઊંચાઈ પર લઈ જવો છે. જો કે આ દેશની રાજનીતિ કપટ, કલંક અને કૂકર્મો વિનાની છે. અહીં વિરોધ પક્ષ પણ સત્તા પક્ષ સાથે શાલિનતાથી વર્તે છે. સત્તા પક્ષના સારા કાર્યોની જાહેરમાં પ્રસંશા કરે છે.

સના એક જ લિંગ વાળા માતાપિતાની દીકરી છે. તેથી તેનો ઉછેર સિંગલ મધર દ્વારા થયો છે. તેના પરિવારમાં યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ લેનાર તે પહેલી સદસ્ય છે. લાંબા સમયથી તેનો લાઈફ પાર્ટનરમાર્કુસ રૈક્કોનેન છે જેના દ્વારા તેને એક દીકરી એમા એમ્માલિયા પણ છે. ફિનલેન્ડનું નેતૃત્વ કરવાવાળી સના ત્રીજી મહિલા નેતા છે. જેની સામે અનેક નવા પડકારો છે. જો કે સમા પોતાના કામ પ્રત્યે જાગૃત છે. દેશની સ્થિતિથી વાકેફ છે. પરંતુ તે આત્મવિશ્વાસથી ભરપુર છે, પરિશ્રમમાં માને છે. દેશહિતની મનમાં શુદ્ધ ભાવના છે. આવનારા તમામ પડકારો ઝીલવા તૈયાર છે. આપણા ભારતની મોટાભાગની યુવા પેઢે આજે ફેસબૂક અને વૉટ્સપ કે ટીક ટોકમાં વિડીઓ બનાવવામાં વ્યસ્ત છે ત્યારે આ સના આખા દેશના ૫૩ લાખ લોકોના ભવિષ્યની નિર્માત્રી બનીને દુનિયાને નારી શક્તિનો પરિચય કરાવશે.

- 9426060601.india@gmail.com

# સિનેમાજગતને વર્ષાન્ત બ્લૉકબસ્ટર બનવાની આશ

સિનેમાજગત માટે વર્ષાંતનો એટલે કે ક્રિસમસનો સમયગાળો સારો ગણાય છે. આ દિવસોમાં ફિલ્મો પ્રદર્શિત કરવાની હોડ પણ જામતી હોય છે. ડિસેમ્બરનો બીજો શુક્રવાર પસાર થઈ ગયો છે જેમાં પતિ પત્ની ઔર વો અને પાનીપત જેવી ફિલ્મો પ્રદર્શિત થઈ હતી અને હવે ડિસેમ્બરનાં બાકી રહેલા બે શુક્રવાર પર દર્શકોની નજર મંડાયેલી છે જેમાં ઘણી મહત્વની ફિલ્મો રજુ થવાની છે. કહેવાય છે કે આ સમયગાળા દરમિયાન રજુ થનાર ફિલ્મો પર કુલ ૫૦૦ - ૬૦૦ કરોડનો દાવ લાગેલો છે.

ડિસેમ્બરના બીજા શુક્રવારે ૧૩મી ડિસેમ્બરે બે હિન્દી ફિલ્મો અને એક ડબ મલયાલમ ફિલ્મ મમંગમ રજુ થઈ છે. બજેટની દૃષ્ટિએ જોઈએ તો આ ફિલ્મો પર ૧૧૫ કરોડનો દાંવ લાગેલો છે. મમંગમ આમ તો ડબ ફિલ્મ છે પણ તે પાનીપત બાદ બીજી ઐતિહાસિક ફિલ્મ છે જેનું બજેટ ૫૫ કરોડની આસપાસનું છે. ફિલ્મ મામુટી પર કેન્દ્રિત છે જે મલયાલમ ફિલ્મોનો લોકપ્રિય ચહેરો છે. દક્ષિણમાં આ ફિલ્મની સફળતાનો વિશ્વાસ નિર્માતા નિર્દેશકોને છે પણ ઉત્તરનાં હિન્દી બેલ્ટમાં તેનાં યુદ્ધ દશ્યોની ભવ્યતા જ ફિલ્મને સફળ કરી શકે તેમ છે. મમંગમનો તામિલ, તેલુગુ અને કન્નડમાં રજુ કરાશે.આ ઉપરાંત આ શુક્રવારે રાની મુખર્જીની મર્દાની ટુ રજુ થવાની છે તેની પહેલી ફિલ્મ મર્દાનીને ખાસ્સી સફળતા હાંસલ થઈ હતી તેને જોઈને જ તેની સિકવલ બનાવાઈ છે.આ ફિલ્મનું બજેટ ચાલીસ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

આ ઉપરાંત ઈમરાન હાશ્મી, ઋષિ કપુર અને વેદિકાની થ્રિલર ફિલ્મ ટુ બોડી રજુ થઈ છે. આ ફિલ્મનુ બજેટ ૨૦ કરોડનું છે.૨૦૧૯નાં અંતિમ ગાળામાં અક્ષય કુમારની કોમેડી ફિલ્મ ગુડ ન્યુઝ રજુ થવાની છે. અક્ષયની સાથે આ ફિલ્મમાં કિયારા અડવાણી, દિલજીત દોસાંજ અને કરીના કપુર પણ છે.આ ફિલ્મનું બજેટ ૪૫ કરોડની આસપાસનું છે જો કે રાજ મહેતા જે આ ફિલ્મના નિર્દેશક છે તેમની આ પ્રથમ ફિલ્મ છે.આમ તો અક્ષય માટે ૨૦૧૯નું વર્ષ જોરદાર રહ્યું છે અને તે વર્ષનો સૌથી સફળ અભિનેતા સાબિત થયો છે આ વર્ષે તેની કેસરી, મિશન મંગલ અને હાઉસફુલ ૪ રિલીઝ થઈ હતી અને આ તમામ ફિલ્મોએ બોકસ ઓફિસ પર ટંકશાળ સર્જી હતી. નિર્માતા નિર્દેશકોને આશા છે કે ડિસેમ્બરનાં અંતિમ પડાવ પર રિલીઝ થનાર તેની ગુડ ન્યુઝ નિર્માતા નિર્દેશકો માટે ગુડ ન્યુઝ આપનાર બની રહેશે.

આ ઉપરાંત કેટલીક હોલિવુડની ફિલ્મો પણ ડિસેમ્બરમાં રિલીઝ થવાની છે. ૧૩ ડિસેમ્બરે જાપાની એનિમેશન ફિલ્મ સમર વોર્સ રિલીઝ થશે તો સ્ટારવોર્સની સિરીઝની નવમી ફિલ્મ સ્ટારવોર્સ ધ રાઈઝ ઓફ સ્કાયવોકર વીસમી ડિસેમ્બરે રિલીઝ થવાની છે. આ ફિલ્મ સલમાનની દબંગ થ્રીને ટક્કર આપનાર સાબિત થાય તેમ છે. આ ઉપરાંત પચ્ચીસમી ડિસેમ્બરે સ્પાઈઝ ઈન ડિસ્ગાઈઝ પણ રિલીઝ થવાની છે.

ડિસેમ્બરનો મહિનો સલમાન માટે પણ અગ્નિપરીક્ષા સમાન બની રહે તેમ છે તેની દબંગ થ્રી ક્રિસમસ વીકનો ફાયદો ઉઠાવવા માટે વીસમી ડિસેમ્બરે રિલીઝ થવાની છે.આમ તો સલમાનની આ વર્ષની આ બીજી ફિલ્મ છે. તેની પહેલી ફિલ્મ ભારત આ વર્ષે ઈદના દિવસે રજુ થઈ હતી પણ ૧૦૦ કરોડનાં ખર્ચે બનેલી આ ફિલ્મ બોકસ ઓફિસ પર કંગાળ સાબિત થઈ હતી. આ ફિલ્મે ૨૫૧ કરોડનો બિઝનેશ કર્યો હતો પણ સલમાન ખાનની ફિલ્મ હોવાની દૃષ્ટિએ આ કારોબાર યોગ્ય ગણાવી શકાય નહિ. હવે ૧૨૦ કરોડનાં ખર્ચે બનેલી તેની દબંગ થ્રી બમ્પર કારોબાર કરશે તેવી આશા સેવાઈ રહી છે. આમેય આ સિરીઝની અગાઉની ફિલ્મો બ્લોકબસ્ટર સાબિત થઈ હતી અને આ ફિલ્મમાં પણ દર્શકોને જે સલમાન પસંદ છે તે જ સલમાન સંપૂર્ણ મનોરંજન કરતો નજરે પડવાનો છે.

ચુલબુલ પાંડેનું લોકોને ગમી ગયેલું કૅરેક્ટર સલમાન આ ફિલ્મમાં ભજવી રહ્યો છે. ફિલ્મના ટ્રેલરમાં આ જ કૅરેક્ટરને મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે અને 'ચુલબુલ પાંડે ઈઝ બૅક' એવી જાહેરાતો કરીને લોકોને અત્યારથી જ આકર્ષવામાં આવી રહ્યાં છે. મોટા બજેટલની મસાલા મૂવી હોવાથી તેને ઓપનિંગ સારું મળશે એ તો નિશ્ચિત છે. પ્રભુદેવા નિર્દેશિત આ ફિલ્મમાં સોનાક્ષી સિંહાની સાથોસાથ સાંઈ માંજરેકર પણ મહત્વની ભૂમિકામાં છે.

- કુંતલ નિમાવત